# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-02-2026** **Evening: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રિય મંત્રીમંડળે કેરળ રાજ્યનું નામ બદલીને કેરલમ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી.

2) ગાંધીનગરના ગિફ્ટ સિટીથી અમદાવાદના શાહપુર સુધી મેટ્રો કૉરિડોરનું વિસ્તરણ કરાશે – કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવામાં નાગરિકોનું સ્વાસ્થય એ મૂળભૂત જરૂરિયાત.

4) તેલંગાણાના હૈદરાબાદમાં ચાર વરિષ્ઠ માઓવાદી નેતાઓએ આત્મસમર્પણ કર્યું

5) ICC T20 ક્રિકેટ વિશ્વ કપમાં, ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે શ્રીલંકામાં મુકાબલો.

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# CABINET DECISIONS

નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આજે 4 મહત્વના નિર્ણય લેવાયા. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, કેરળ રાજ્યનું નામ બદલીને કેરલમ કરવાના પ્રસ્તાવને મંત્રીમંડળે મંજૂરી આપી.

આ ઉપરાંત આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિએ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બિહાર અને ઝારખંડના આઠ જિલ્લાઓને આવરી લેતા 9 કરોડ 72 લાખ રૂપિયાના મિલિયનના ત્રણ મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપી હતી, જે 2030-31 સુધીમાં પૂર્ણ થશે. તેમણે કહ્યું કે આનાથી ભારતીય રેલ્વેના નેટવર્કમાં આશરે 307 કિલોમીટરનો વધારો થશે.

ઉપરાંત શ્રી વૈષ્ણવે જણાવ્યુ કે શ્રીનગર આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર 1,હજાર 677 કરોડ રૂપિયાના નવા ઇન્ટિગ્રેટેડ ટર્મિનલની પણ મંજૂરી મળી છે જેનાથી કાશ્મીર ખીણમાં ઉડ્ડયન સુવિધાઓ અને કનેક્ટિવિટી મજબૂત બનશે.

ઉપરાંત અંદાજે એક હજાર 67 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ગુજરાતમાં ગાંધીનગરના ગિફ્ટ સિટીથી અમદાવાદના શાહપુર સુધીના મેટ્રો કોરિડોરનું વિસ્તરણ કરવા અંગે મંત્રીશ્રી એ કહ્યું, ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડનો વર્તમાન ઉત્તર-દક્ષિણ કોરિડોર 3.33 કિલોમીટરની લંબાઈનો હશે અને તેમાં ત્રણ અદ્યતન મથક સામેલ હશે.

**(બાઇટ - અશ્વિની વૈષ્ણવ )**

## PM - ISRAEL VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ઇઝરાયલની બે દિવસની મુલાકાતે જશે. પ્રધાનમંત્રીની ઇઝરાયલની આ બીજી મુલાકાત હશે. દરમિયાન, તેઓ તેમના ઇઝરાયલી સમકક્ષ બેન્જામિન નેતન્યાહૂને મળીને બંન્ને દેશની વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરશે. તેઓ વિજ્ઞાન અને ટેકનોલોજી, નવીનતા, સંરક્ષણ અને સુરક્ષા, કૃષિ, પાણી વ્યવસ્થાપન, વેપાર અને અર્થતંત્ર અને લોકો-થી-લોકોના આદાન-પ્રદાન સહિત સહયોગના વિવિધ ક્ષેત્રોમાં વધુ તકોની ચર્ચા કરશે. શ્રી મોદી ઇઝરાયલના રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગને પણ મળશે.

**(બાઈટ : મુકેશ )**

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મુલાકાત બંને દેશો વચ્ચેની ઊંડી અને લાંબા સમયથી ચાલતી વ્યૂહાત્મક ભાગીદારીની પુનઃપુષ્ટિ કરશે.

# PM- PURI ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 ના સફળ સમાપન પર કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી દ્વારા લખાયેલ એક લેખ શેર કર્યો. શ્રી મોદીએ કહ્યું કે આ લેખ દ્વારા, શ્રી પુરીએ ભારતે તેના સભ્યતાના પ્રભાવોમાંથી કેવી રીતે પ્રેરણા મેળવી છે તે પ્રકાશિત કર્યું. તેમના લેખમાં, શ્રી પુરીએ લખ્યું કે ભારત માહિતી પર સાર્વભૌમત્વ, આયોજિત સમાવેશ અને જવાબદારી દ્રષ્ટિકોણ રજૂ કરી રહ્યું છે.

## PREZ-MAHARASHTRA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ કહ્યું કે, ભારતને વિકસિત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાના લક્ષ્ય સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. આ લક્ષ્યને હાંસલ કરવામાં નાગરિકોનું સ્વાસ્થય એ મૂળભૂત આવશ્યક્તા છે. સુ શ્રી મૂર્મુએ મુંબઈના લોક ભવન ખાતે પી ડી હિન્દુજા હોસ્પિટલ દ્વારા આયોજિત 'જીવન બચાવો અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરો' રાષ્ટ્રવ્યાપી અભિયાનને સંબોધન કર્યું હતું,

(બાઇટ : દ્રૌપદી મુર્મુ)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બપોરે મહારાષ્ટ્રની બે દિવસની મુલાકાત માટે મુંબઈ પહોંચ્યા હતા. આવતીકાલે, રાષ્ટ્રપતિ બુલઢાણા જિલ્લાના શેગાંવ ખાતે કેન્દ્રીય આયુષ મંત્રાલય દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય આરોગ્ય મેળો 2026'નું ઉદ્ઘાટન કરશે. બાદમાં, તેઓ નાગપુરમાં બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત 'એકતા અને ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના સુવર્ણ યુગ'ના રાજ્યસ્તરીય ઉદ્ઘાટનમાં ઉપસ્થિત રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV - TELANGANA MAOIST SURRENDER

આજે તેલંગાણાના હૈદરાબાદમાં ચાર વરિષ્ઠ માઓવાદી નેતાઓએ આત્મસમર્પણ કર્યું. પોલિટબ્યુરોના સભ્ય તિપ્પીરી તિરૂપતિ દેવુજી, કેન્દ્રીય સમિતિના સભ્ય મલ્લા રાજી રેડ્ડી સંગ્રામ, તેલંગાણા રાજ્ય સમિતિના સચિવ બડે ચોકા રાવ દામોદર અને રાજ્ય સમિતિના સભ્ય નુને નરસિંહા રેડ્ડી ગંગન્નાએ પોલીસ મહાનિર્દેશક બી. શિવધર રેડ્ડી સમક્ષ આત્મસમર્પણ કર્યું.

પોલીસ મહાનિદેશકે આજે હૈદરાબાદમાં પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે મુખ્ય મંત્રી રેવંત રેડ્ડીની મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાની અપીલ બાદ ટોચના માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. તેમણે જણાવ્યું કે, દરેક આત્મસમર્પણ કરાયેલા માઓવાદીને 25 લાખ રૂપિયાનો ચેક અપાયો છે .અને તેમને સુરક્ષા અને પુનર્વસનની પણ ખાતરી અપાશે.

આ શરણાગતિને માઓવાદી પક્ષ માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે, જેના કારણે પક્ષની તેલંગાણા રાજ્ય સમિતિ નિષ્ક્રિય થઈ ગઈ છે. પોલીસ મહાનિર્દેશકે જણાવ્યું હતું કે રાજ્યમાં હાજર 591 માઓવાદીઓમાંથી 11 સિવાયના બધાએ આત્મસમર્પણ કર્યું છે.

# HIM CONNECT-MO ENVIRONMENT

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય આવતીકાલથી નવી દિલ્હીમાં ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યૂટ (TERI) ના વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટના ભાગ રૂપે "હિમ-કનેક્ટ"નું આયોજન કરશે. તેનો ઉદ્દેશ ભારતીય હિમાલય પ્રદેશ (IHR) માં કામ કરતા સંશોધકોને સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ સાથે જોડવાનો છે. હિમ-કનેક્ટ દરમિયાન, મંત્રાલયના હિમાલય અભ્યાસ પરના રાષ્ટ્રીય મિશન હેઠળ ભારતીય હિમાલય પ્રદેશના સંવેદનશીલ ઇકોસિસ્ટમ માટે વિકસાવવામાં આવેલી 24 થી વધુ તકનીકો, પ્રોટોટાઇપ્સ, પેટન્ટ અને પાઇલટ પ્રોજેક્ટ્સ પ્રદર્શિત કરાશે. આ કાર્યક્રમમાં 100 થી વધુ સ્ટાર્ટઅપ્સ, ઇન્ક્યુબેટર્સ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ ભાગ લેશે.

# VP - DARJEELING YOUTH FEDERATION

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું છે કે દાર્જિલિંગ તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ઉચ્ચ સાંસ્કૃતિક ધોરણો જાળવવા જાણીતું છે. આજે નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ ભવનમાં દાર્જિલિંગ યુવા સંગઠનના સભ્યો સાથે વાત કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે દરેક નાગરિકે રાષ્ટ્રને અગ્રતા આપવાની અતૂટ પ્રતિબદ્ધતાથી પ્રેરિત થવું જોઈએ. સોશિયલ મીડિયા સંદેશમાં , ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્રીય અને પ્રાદેશિક હિત વચ્ચે સંવાદિતા જરૂરી છે. તેમણે કહ્યું કે દેશની પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાનું જતન નાગરિકો અને સરકાર બંને માટે સર્વોપરી હોવું જોઈએ.

## AP-EK BHARAT SHRESTH BHARAT

આંધ્રપ્રદેશના રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીરે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ હેઠળ અરુણાચલ પ્રદેશ અને મિઝોરમ રાજ્ય સ્થાપના દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહી બંને રાજ્યોના સમૃદ્ધ સાંસ્કૃતિક અને કુદરતી વારસાની પ્રશંસા કરી. મિઝોરમ પર, તેમણે તેના 84.5 ટકા વન આવરણ અને વિવિધ આદિવાસી સમુદાયની વસ્તી પર પ્રકાશ પાડ્યો, લોકપ્રિય મિઝો ચેરાવ, તેમજ વાંસ નૃત્ય, જે વાંસના થાંભલા સાથે લયબદ્ધ સમન્વયમાં રજૂ કરાય છે તેની નોંધ લીધી.

રાજ્યપાલે કહ્યું કે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સંસ્કૃતિ, પરંપરાઓ અને પ્રથાઓની સમજને પ્રોત્સાહન આપે છે, રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવે છે અને નાગરિકોમાં એકતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

# T20 WC CRICKET

ICC T20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે સુપર 8 ના ગ્રુપ 2 માં ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે શ્રીલંકના પલેકેલે ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં મેચ રમાઇ રહી છે. હાલમાં મળતા અહેવાલ મુજબ પાકિસ્તાને 10.5 ઓવરમાં 3 વિકેટે 73 રન બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનની ટીમ સલમાન અગાહની આગેવાનીમાં જ્યારે ઇંગ્લેન્ડની ટીમ હેરી બ્રુકની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરી છે. ગ્રુપ ૨ નાં પોઇન્ટ

ટેબલમાં હાલ ઈંગ્લેન્ડ પહેલા અને પાકિસ્તાન બીજા નંબરે છે.

# J&K-VANDE BHARAT EXPRESS

ઉત્તર રેલ્વેએ જમ્મુ અને કાશ્મીરમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને 1લી માર્ચથી જમ્મુ તાવી સુધી લંબાવવાની જાહેરાત કરી છે. આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ પ્રતિષ્ઠિત વંદે ભારત એક્સપ્રેસ, જે અગાઉ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા અને શ્રીનગર વચ્ચે કાર્યરત હતી, તે હવે જમ્મુ તાવીથી સવારે 6-15ના ઉપડશે અને તે જ સ્ટેશન પર સાંજે 6-50ના પરત ફરશે. જેનાથી મુસાફરોની સુવિધા અને પ્રાદેશિક સુલભતામાં વધારો થશે.